# રાહુલ ગાંધીએ ગુજરાતના કાર્યકર્તાઓને આપ્યુ એક વચનઃ આપ્યો જીત માટે જાદુઈ મંત્ર : ચુંટણી પંચ એક પક્ષપાતી એમ્પાયર છેઃ રાહુલ ગાંધી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગઈ કાલે શનિવારે ગુજરાત પ્રવાસ દરમિયાન ભાજપ અને ભારત ના ચુંટણીપંચ પર જોરદાર નિશાન સાધ્યુ હતું. રાહુલ ગાંધીએ કહ્યુ કે ચુંટણીપંચ એક એમ્પાયર બની રહ્યુ છે જે ચુંટણી પ્રક્રિયામાં પક્ષપાતી છે.

તેમણે એમ પણ કહ્યુ કે ભાજપને તેના ગઢ ગુજરાતમાં હરાવવુ મહત્વપૂર્ણ છે. રાહુલ ગાંધીએ ગુજરાતમાં પાર્ટીના જિલ્લા પ્રમુખોને ખાત્રી આપી કે ચુંટણી માટે ઉમેદવારોની પસંદગી કરતી વખતે તેમના મંતવ્યને પણ ધ્યાને લેવામાં આવશે.

લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીએ સંગઠન નિર્માણ અભિયાન હેઠળ કોંગ્રેસના જિલ્લા પ્રમુખોના તાલીમ શિબિરમાં પોતાના સંબોધન દરમિયાન ચુંટણીપંચ પર પક્ષપાતી હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યુ કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ને તેના મુખ્ય ગઢ ગુજરાતમાં હરાવવુ મહત્વપૂર્ણ છે. કોંગ્રેસે ૨૦૨૭ ની વિધાનસભાની ચુંટણીઓને ધ્યાનમાં રાખીને આણંદ શહેર નજીકના એક રીસોર્ટમાં જિલ્લા પાર્ટી સમિતિઓના નવનિયુકત પ્રમુખો માટે શિબિરનુ આયોજન કર્યુ હતું.

પાર્ટીના મિશન ૨૦૨૭ માટે બ્લુ પ્રિન્ટ તૈયાર કરવાના ઉદ્દેશ થી આયોજીત આ શિબિર આજે ૨૮ જુલાઈના રોજ પુરી થશે. ગુજરાત કોંગ્રેસના વડા અમિત ચાવડાએ બેઠક બાદ જણાવ્યુ હતુ કે રાહુલ ગાંધીએ જિલ્લા પ્રમુખોને માર્ગદર્શન આપ્યુ હતુ અને ખાત્રી આપી હતી કે નેતૃત્વ સંપૂર્ણપણે પાર્ટી કાર્યકરો સાથે છે.

રાજકોટ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ રાજદીપસિંહ જાડેજાએ કહ્યુ કે રાહુલ ગાંધીએ અમને લોકો સંબંધીત



મુદ્દાઓ ઉઠાવવા કહ્યુ હતું. તેમણે ખાત્રી આપી હતી કે વિવિધ ચુંટણીઓમાં ઉમેદવારો પસંદ કરતા પહેલા શહેર અને જિલ્લા પ્રમુખોની સલાહ લેવામાં આવશે.

અન્ય એક નેતાએ કહ્યુ કે રાહુલ ગાંધીએ ક્રિકેટ પરીભાષાનો ઉપયોગ કરીને ચુંટણીપંચ પર પક્ષપાતી એમ્પાયર હોવાનો આરોપ લગાવ્યો હતો જેના કારણે કોંગ્રેસ ચુંટણી હારી રહી છે. કોંગ્રેસના સુરેન્દ્રનગર જિલ્લા પ્રમુખ નૌશાદ સોલંકીએ કહ્યુ હતુ કે ક્રિકેટમાં જો તમે વારંવાર આઉટ થાઓ છો, તો તમે તમારી જાત પર શંકા લાગે છે, પરંતુ પછી તમને ખ્યાલ આવે છે કે તમે તમારી ભુલને કારણે આઉટ નથી થઈ રહ્યા, એમ્પાયર પક્ષપાતી છે, રાહુલે આ વાત કહી અને અમને ખાત્રી આપી, વધુમાં તેમણે ભારપૂર્વક જણાવ્યુ હતુ કે ચુંટણીપંચ ની શંકાસ્પદ મતદારયાદીના કારણે અમે ૨૦૧૭ ની ગુજરાતમાં ચુંટણી હારી ગયા હતા. નૌશાદ સોલંકીએ વધુમાં કહ્યુ કે રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે ભાજપને તેના મુખ્યગઢ ગુજરાતમાં હરાવવુ ખુબ જ મહત્વપૂર્ણ છે. પાર્ટી માને છે કે આપણે ઉત્તર પ્રદેશ, બિહાર અને કેટલાક અન્ય રાજયોમાં (ભાજપ ને હરાવવા માટે ) સખત મહેનત કરવી પડશે. તેમણે કહ્યુ કે જો આપણે ગુજરાતમાં ભાજપને હરાવી શકીએ છીએ તો પાર્ટીને દરેક જગ્યાએ જીતાડી શકાય છે.

# નર્મદા જિલ્લાના ડેડીયાપાડામાં ભાજપે વડાપ્રધાન મોદીના ફોટોવાળી નોટબુકોનુ કર્યુ વિતરણ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભારતીય જનતા પાર્ટી નર્મદા જિલ્લાના પ્રમુખ દ્વારા ડેડીયાપાડા વિધાનસભા અને નર્મદા જિલ્લાના ગામડે ગામડે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફોટોગ્રાફવાળી નોટબુકનુ વિતરણ કાર્યક્રમ દરેક પ્રાથમિક શાળાઓમાં ભારતીય જનતા પાર્ટીના આગેવાનો દ્વારા કરવામાં આવી રહ્યુ છે. અમે આ ભારતીય જનતા પાર્ટીના આગેવાનોને પુછવા માંગીએ છીએ કે ૩૦ વરસથી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને તેમ છતાં તમે જે સોશીયલ મીડીયા પર જે ફોટો શુટ કરીને મુકી રહ્યા છો તેની પાછળની દિવાલ જુઓ લીલ બાજેલી છે. આ મામલે આજે રવિવારે ડેડીયાપાડામાં નિરંજન વસાવાએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા.



શાળામાં જયાં બાળકો ભણી રહ્યા છે એ નીચે લીંપણ કરેલુ છે એમા બેઠા છે, વાંસની કામળીઓની દિવાલ છે અને પતરાવાળો શેડ, નળીયાવાળા શેડ પર અને ખુલ્લામાં ચોમાસામાં આ બાળકો ભણી રહ્યા છે, સરસ વિકાસ થયો હોય એવો ભારતીય જનતા પાર્ટીના નેતાઓ કહી રહ્યા હોય તો અમે એમને પુછવા માંગીએ છીએ કે શું ખરેખર આ વિકાસ છે કે પછી વિનાશ થઈ રહ્યો છે. આજે સોશીયલ મીડીયા દ્વારા ફોટો શુટ કરી અને જે વાહવાહી મેળવવા માંગો છો,

આજે સમગ્ર ગુજરાત અને ટ્રાયબલ વિસ્તાર જાગી ગયો છે. આજે તમને પુછવા માંગે છે કે તમે ૩૦ વરસથી શાસન કરી રહ્યા છો પણ તેમ છતાં પણ આજે પ્રાથમિક શાળાઓ જર્જરીત હાલતમાં છે. કાચા ઘરોમાં વિદ્યાર્થીઓને ભણાવી રહ્યા છે, શું આને આપણે વિકાસ કહીશુ, કયાં અને કેવી રીતે ભણશે ગુજરાત ? અને કયારે આગળ વધશે, ગુજરાત તમે ચુંટાયેલા સાંસદ સભ્ય અને ભારતીય જનતા પાર્ટીના નર્મદા જિલ્લાના પ્રમુખ અને આગેવાનોને અમે પુછવા માંગીએ છીએ કે શું ખરેખર તમે આને વિકાસ કહો છો કે પછી વિનાશ ? જો ખરેખર જ આ વિકાસ હોય તો આ કેવો વિકાસ છે.

# રાજકોટમાં માનવતાને શર્મસાર કરતી ઘટનાઃ નરાધમ પિતાએ ૧૨ વર્ષીય સગીર દિકરીને ૬ મહિના સુધી પીંખીઃ કુકર્મ કરતા પતિને પત્ની જોઈ ભાંડો ફુટયો

## આરોપીનો પરીવાર મુળ નેપાળનો રહેવાસી : પોલીસ ધરપકડથી બચવા માટે નરાધમ પિતા ઘર છોડીને ભાગી ગયો

પ્રતિનિધિ,ગાંધીનગર

ઘોર કળીયુગ ચાલી રહ્યો હોવાની ઘટના રાજકોટમાં બની છે. સગો પિતા જ હેવાન બની પોતાની દિકરી પર દુષ્કર્મ આચરતો હોવાની માનવતાને શર્મસાર કરતી ઘટના બહાર આવી છે. નરાધમ પિતા જ ૧૨ વર્ષીય પુત્રી પર છેલ્લા ૬ મહિનાથી શારીરિક અડપલા અને દુષ્કર્મ આચરવામાં આવતુ હોવાનુ બહાર આવ્યુ છે. પત્ની પતિને દિકરી સાથે કુકર્મ કરતો જોઈ ભાંડો ફુટયો હતો. આ અંગે પત્નીએ પતિ વિરૂધ્ધ રાજકોટ તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.





પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ રાજકોટ શહેરના તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી ૩૫ વર્ષીય માતાએ પોતાના જ પતિ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા જણાવ્યુ છે કે તેમના પતિ દ્વારા તેમની દિકરી સાથે ગઈ તા. ૨૫/૭/૨૦૨૫ ના રોજ સવાર ના ૫ વાગ્યાના અરસામાં તેમજ છેલ્લા ૬ મહિના અગાઉથી અવાર નવાર શારીરિક અડપલા અને દુષ્કર્મ આચરવામાં આવતુ હતું. આ મામલે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૨)(એફ), ૬૫ (૧), ૭૫(૧) તેમજ પોકસો એકટ હેઠળની કલમ ૬, ૮ મુજબનો ગુન્હો નોંધવામાં આવ્યો છે.

આરોપી મુળ નેપાળનો રહેવાસી છે અને તેના પરીવાર સાથે છેલ્લા ૪ વરસથી રાજકોટમાં રહે છે. પરીવારમાં તેની પત્ની, ૨ બાળકી અને ૧ બાળક છે તે ચોકીદાર ના વ્યવસાય સાથે સંકળાયેલો છે. જયારે તેની પત્ની ઘરકામ કરે છે. ભોગ બનનાર બાળકીને એક ભાઈ અને એક બહેન પણ છે. ૨૫ જુલાઈના રોજ જયારે પિતા દિકરી સાથે શારીરિક અડપલા કરી રહ્યો હતો ત્યારે તેની માતાએ આ જોઈ લીધુ.

ત્યારબાદ માતાએ દિકરીને પુછ પરછ કરતા દિકરીએ પોતાના પિતાના જધન્ય કૃત્ય અંગે વાતચીત કરી હતી. આ મામલે પતિ પત્ની વચ્ચે ઝઘડો પણ થયો હતો. જેમાં પત્નીએ પતિને પોલીસમાં ફરીયાદ કરવાની ધમકી આપી હતી. પોલીસ ધરપકડ થી બચવા માટે નરાધમ પિતા ઘર છોડીને ભાગી ગયો હોવાનુ બહાર આવ્યુ હતું. પોલીસે હ્યુમન ઈન્ટેલીજન્સ તેમજ ટેકનીકલ સર્વેલન્સના માધ્યમથી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

# પોલીસમાં નિયમિત ભરતી કરે તો જ જગ્યાઓ ખાલી ના રહે : ગુજરાત હાઈકોર્ટ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના પોલીસબેડામાં ભરતી મામલે હાઈકોર્ટ સમક્ષ ચાલી રહેલા કેસમાં ચીફ જસ્ટીસની ખંડપીઠે સરકારને વધુ એકવાર એવી ટકોર કરી હતી કે પોલીસ વિભાગમાં ભરતી માટે કેલેન્ડર બનાવો, જેથી નિયમિત રીતે ભરતીની પ્રક્રિયા ચાલુ રહે અને જગ્યાઓ ખાલી ન રહે. તો બીજી તરફ સરકારે કોર્ટને જણાવ્યુ હતુ કે હાલમાં કરવામાં આવેલી ભરતીનુ પરીણામ સપ્ટેમ્બરમાં અને ફાઈનલ લીસ્ટ ઓકટોબર અથવા નવેમ્બરમાં આવી જશે. જયારે કે ૩૧૩ બિનહથિયાર ધારી પીએસઆઈની જગ્યા પ્રમોશનથી ભરાશે. આ કેસની સુનાવણીમાં મુખ્ય સરકારી વકીલે કોર્ટને જણાવ્યુ હતુ કે પ્રમોશનલ ભરતી અને સીધી ભરતી બંનેની પ્રક્રિયા હાલ ચાલુ છે. સીધી ભરતીનુ પરીણામ સપ્ટેમ્બરમાં જાહેર થવાની શકયતા છે. પીએસઆઈ બિનહથિયારધારી અને કોન્સ્ટેબલની શારીરિક કસોટી પુર્ણ થઈ ચુકી છે. તેના પરીણામ અનુક્રમે ફેબ્રુઆરી અને માર્ચમાં જાહેર થયા હતા. પીએસઆઈ પેપર બે લેખીત પરીક્ષા થઈ ચુકી છે. આ પરીક્ષા એપ્રિલમાં લેવાઈ હતી,



જેમાં ૫૦ હજાર અરજદારોની જવાબવાહી તપાસવામાં આવી રહી છે. ડોકયુમેન્ટ વેરીફીકેશન બાદ ફાઈનલ લીસ્ટ ઓકટોમ્બર અથવા નવેમ્બર મહિનામાં જાહેર થશે.પેપર ચેકીંગમાં મોડુ થઈ રહ્યુ છે, તેનુ કારણ તજજ્ઞ લોકો જલ્દી મળતા નથી, પહેલો તબકકો પૂર્ણ થતા બીજા તબકકે કોન્સ્ટેબલની સીધી ભરતીની જાહેરાત થશે, પ્રમોશન ભરતીમાં આજથી એક વર્ષ અગાઉ ૭૭૨૫ જગ્યાઓ પ્રમોશનની ખાલી હતી. જેમાંથી પ્રમોશનથી ૬૫૮૯ પોસ્ટ ભરાઈ ચુકી છે. જયારે બાકી ૩૬ પોસ્ટ ખાલી છે અને બિનહથિયારધારી પીએસઆઈની ૩૧૩ પ્રમોશનલ પોસ્ટ માટે ૨૬ જુને જાહેરાત બહાર પડાઈ છે. હાઈકોર્ટે સુચન કર્યુ હતુ કે સમયસર કેલેન્ડર ભરતી પ્રક્રિયા હાથ ધરાય તો જગ્યાઓ ખાલી ન રહે અને પ્રમોશન માટે પણ યોગ્ય ઉમેદવારો મળી રહી, કોર્ટે જણાવ્યુ હતુ કે આ અરજી થી પોલીસ ભરતી બોર્ડ બન્યુ અને તેને કાયમી સભ્યો પણ મળ્યા છે. સરકારી વકીલે કહ્યુ હતુ કે પોલીસમાં સર્વિસ સંબંધી કેસો ટાળવા પણ કોર્ટ મિત્ર સાથે ચર્ચા કરીને કેટલાક નિયમોમાં ફેરફાર ની શકયતાઓ ચકાસવામાં આવી રહી છે.

# ગાંધીનગર જિલ્લાની ૧૦૩ સરકારી શાળાઓમાં રમત ગમત માટે મેદાન કે વ્યાયામ શિક્ષક નથી

## બે વરસથી શાળાઓમાં નોધપોથી, હાજરી પત્રક પહોચ્યા નથી શાળામાં મેદાન અને પીટી શિક્ષકોના અભાવે બાળકો રમત ગમતની પ્રવૃત્તિથી વંચીત : વિદ્યાર્થીનીઓને સ્વરક્ષણની તાલીમ માટે રૂપીયા ૯૦ લાખની ગ્રાન્ટ પણ મેદાન જ નથી : વિપક્ષ નેતા

પ્રતિનિધિ,ગાંધીનગર

જિલ્લા પંચાયત હસ્તકની ૧૦૩ જેટલી પ્રાથમિક શાળાઓમાં રમત ગમત માટેનુ મેદાન જ નથી, તેમજ વ્યાયામ શિક્ષકો પણ નથી તેના લીધે વિદ્યાર્થીઓમાં રહેલી રમત ગમતની સુષુપ્ત શકિતઓ ઉજાગર થતી નથી. શાળાના મેદાન માટે પણ વૈકલ્પિક વ્યવસ્થા પણ કરવામાં નહી આવતા ખેલ મહાકુંભની ઉજવણીનો હેતુ સિધ્ધ થતો નથી, આ ઉપરાંત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં છેલ્લા બે વરસથી નોધપોથી, હાજરી પત્રક પહોચ્યા નહી હોવાનો આક્ષેપ વિપક્ષના નેતાએ કર્યો છે.



રાજય સરકાર દ્વારા ખેલ મહાકુંભનુ આયોજન કરીને વિદ્યાર્થીઓમાં રહેલી રમત ગમતની સુષુપ્ત શકિતઓને ઉજાગર કરવામાં આવી રહી છે. પરંતુ તેની વચ્ચે રાજયના પાટનગર ગાંધીનગર જિલ્લાની ૫૩૩ સરકારી પ્રાથમિક શાળાઓમાંથી ૧૦૩ શાળાઓ પાસે મેદાન જ નથી, વધુમાં મેદાન નહી હોવા છતાં વિદ્યાર્થીઓની રમત ગમતની શકિતઓને ઉજાગર કરવા માટે વૈકલ્પિક મેદાનની વ્યવસ્થા પણ કરવામાં આવી નથી, વધુમાં રમત ગમતના મેદાનના અભાવની વચ્ચે પ્રાથમિક શાળાઓમાં વ્યાયામ શિક્ષકો નહી હોવાથી વિદ્યાર્થીઓમાં રહેલી રમત ગમતની શકિતઓ કુઠીત થઈ રહી છે. જિલ્લામાં સરકારી શાળાની વિદ્યાર્થીનીઓને સ્વરક્ષણની તાલીમ આપવા માટે રૂપીયા ૯૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

પરંતુ મેદાનના અભાવે સ્વરક્ષણની તાલીમ વિદ્યાર્થીનીઓને મળી શકતી નથી તેવો આક્ષેપ જિલ્લા પંચાયતના વિપક્ષ નેતા અજીતસિંહ રાઠોડે સામાન્ય સભામાં કર્યો હતો. જો કે વિપક્ષના નેતાએ પુછેલા પ્રશ્નના જવાબમાં કેટલાક વ્યાયામ શિક્ષકોની ભરતી કરાઈ છે તેમાંથી કેટલીક ભરેલી અને કેટલીક ખાલી જેવી માહિતી પણ સંપૂર્ણ આપવામાં આવી નહી હોવાનો વિપક્ષનેતાએ આક્ષેપ કર્યો હતો. વધુમાં સરકારી પ્રાથમિક શાળાની વહિવટી કામગીરીની સરળતા માટે સ્ટેશનરી સમગ્ર શિક્ષા અભિયાન અને જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી આપવામાં આવે છે.

# વરસાદી પાણી ભરાતા વાહનચાલકો અટવાયાઃ અમદાવાદ-પાલનપુર હાઈવે પર ૫ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

વડગામ તાલુકામાં ગઈકાલથી વરસી રહેલા ધોધમાર વરસાદે જનજીવનને અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. આ ભારે વરસાદના કારણે અમદાવાદ-પાલનપુર હાઈવે પર છાપી નજીક મોટા પ્રમાણમાં પાણી ભરાયું છે, જેના લીધે લગભગ ૫ કિલોમીટરથી વધુ લાંબો ટ્રાફિક જામ સર્જાયો છે. આ ટ્રાફિક જામમાં અનેક વાહન ચાલકો કલાકોથી અટવાયા તો ઘણા વાહનો પાણીમાં ફસાયા હોવાના દશ્યો સામે આવ્યા છે. નોંધનીય છે કે, છેલ્લી ૨૪ કલાક(૨૬-૨૭ જુલાઈ)માં રાજ્યનો સૌથી વધુ ૭.૫૨ ઈંચ જેટલો વરસાદ બનાસકાંઠાના વડગામમાં જ નોંધાયો છે. આ ઉપરાંત, ડીસામાં ૩.૫૮ ઈંચ, દાંતીવાડામાં ૩.૦૭ ઈંચ, પાલનપુરમાં ૨.૯૦ ઈંચ અને ધાનેરામાં ૨.૨૮ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ભારે વરસાદને કારણે છાપી પંથકમાં તળાવો છલકાયા અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. છાપી બ્રિજ આસપાસની સોસાયટીઓમાં પણ પાણી ઘૂસી જતાં રહેવાસીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારે વરસાદના કારણે વડગામ, પાલનપુર, ડીસા અને દાંતીવાડા સહિતના વિસ્તારોમાં રસ્તાઓ અને બજારોમાં પાણી ભરાયા છે. છાપી ગામ તરફ જતો મુખ્ય માર્ગ બંધ થઈ જતાં ગામનો સંપર્ક અન્ય વિસ્તારો સાથે કપાઈ ગયો છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતાં લોકોના ઘરો અને દુકાનોમાં પણ પાણી ઘૂસી ગયું છે. જોકે ખેડૂતો માટે આ વરસાદ એક તરફ ખુશી લાવ્યો છે, કારણ કે તળાવો અને જળાશયો ઓવરફ્લો થયા છે, પરંતુ બીજી તરફ નીચાણવાળા વિસ્તારોમાં ઊભા પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. અમદાવાદ-પાલનપુર હાઈવે પર છાપી નજીક ઘૂંટણસમું પાણી ભરાયા છે. જેના કારણે વાહન વ્યવહાર ખોરવાયો છે. મેઈન હાઈવે પર જ ટ્રક, ટેક્ર અને અન્ય વાહનો પાણીમાં ફસાતાં હાઈવેનો એક ભાગ બંધ કરવાની ફરજ પડી છે. ટ્રાફિક જામના કારણે વાહન ચાલકોને કલાકો સુધી રાહ જોવી પડી રહી છે અને કેટલાક વાહનોને ધક્કા મારીને પાણીમાંથી બહાર કાઢવાની નોબત આવી છે.અમદાવાદ-પાલનપુર હાઈવે પર છાપી નજીક ઘૂંટણસમું પાણી ભરાયા છે. જેના કારણે વાહન વ્યવહાર ખોરવાયો છે. મેઈન હાઈવે પર જ ટ્રક, ટેક્ર અને અન્ય વાહનો પાણીમાં ફસાતાં હાઈવેનો એક ભાગ બંધ કરવાની ફરજ પડી છે.

ટ્રાફિક જામના કારણે વાહન ચાલકોને કલાકો સુધી રાહ જોવી પડી રહી છે અને કેટલાક વાહનોને ધક્કા મારીને પાણીમાંથી બહાર કાઢવાની નોબત આવી છે. સ્થાનિક વહીવટ અને પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ટ્રાફિકને નિયંત્રિત કરવાના પ્રયાસો શરૂ કર્યા છે.

જોકે, ભારે વરસાદ અને પાણીના ભરાવાને કારણે રાહત કાર્યમાં મુશ્કેલી પડી રહી હોવાનું જાણવા મળ્યું છે. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા સહિતના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે, જેના કારણે વહીવટને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે.

### વીડિયો બનાવીને હાર્દિકસિંહ ગાયબ થઈ ગયો

# રીબડામાં અનિરુદ્ધસિંહને પડકાર ફેંકવાના કેસમાં નવો વળાંક

(સંપૂર્ણ સમાચાર સેવા)ગોંડલ

સૌરાષ્ટ્રના નકશાનું નાનકડું ગામ રીબડા હાલ વિવાદોને કારણે ચર્ચામાં આવ્યું છે. ગોંડલના રીબડામાં અનિરુદ્ધસિંહ જાડેજાના ભત્રીજાના પેટ્રોલપંપ પર ફાયરિંગ કેસમાં નવો વળાંક આવ્યો છે.

ફાયરિંગની જવાબદારી લેનાર હાર્દિકસિંહે ગુજરાત બહારથી વીડિયો વાયરલ કર્યો હોવાનું ખૂલ્યુ છે. તેથી અન્ય રાજ્યોમાં પોલીસ દોડતી થઈ છે. રીબડા ફાયરીંગની કબુલાતનો વિડીયો હાર્દિકસિંહ જાડેજાએ ગુજરાત બહારથી વીડિયો બનાવીને વાયરલ કર્યો હતો. તેથી હાર્દિકસિંહને ઝડપી લેવા રૂરલ પોલીસની ટીમોની ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશમાં તપાસ માટે પહોંચી છે. રીબડામાં અનિરુદ્ધસિંહ જાડેજાના ભત્રીજાના પેટ્રોલ પંપ પર ફાયરીંગની જવાબદારી હાર્દિકસિંહ જાડેજાએ સ્વીકારી હતી. ત્યારથી રીબડા પોલીસ દોડતી થઈ છે. પોલીસ હાલ હાર્દિકસિંહ જાડેજાને શોધી રહી છે. આ તપાસમાં નવી માહિતી સામે આવી છે, હાર્દિકસિંહ વીડિયો ગુજરાતમાં નહિ, પણ બહારથી બનાવ્યો હતો. કારણ કે, તેણે જ્યાંથી વીડિયો બનાવ્યો, ત્યાં દુકાનના બોર્ડ હિન્દી ભાષામાં લખાયેલા છે. તેથી હાર્દિકસિંહ ઉત્તર પ્રદેશ કે મધ્યપ્રદેશમાં હોવાની શંકા પોલીસને છે. તેથી પોલીસે બંને રાજ્યોમાં રુરલ પોલીસની બે ટીમો દોડાવી છે. જોકે, પેટ્રોલ પંપ પર ફાયરિંગ કરનારા બંને શખ્સોની પણ ઓળખ નથી થઈ. પોલીસે સીસીટીવીના આધારે માલૂમ કર્યુ કે, બંને શખ્સો પરપ્રાંતીય હતા, અને રાજકોટથી રીબડા આવ્યા હતા અને રીબડાથી પરત રાજકોટ રૈયા ચોકડી સુધી ગયા હતા. ત્યાં સુધીના સીસીટીવી પોલીસને મળી આવ્યા છે. રૂરલ પોલીસની અલગ અલગ ટીમોએ હાર્દિકસિંહ જાડેજા સહિત ત્રણેય શખ્સોને ઝડપી લેવા દોડધામ આદરી છે.

# વિસાવદરની પેટાચુંટણીમાં ભાજપના ખોટા વચનનો ભોગ ૩ જિલ્લાના ૫૦ હજાર ખેડુતો બન્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

વિસાવદરની પેટા ચુંટણીમાં આપેલા ખોટા વચન અને વાયદાનો ભોગ ૩ જિલ્લાના ૫૦ હજાર થી વધુ ખેડુતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. જેડીસીસી બેંકમાંથી ૩ ને બદલે ૫ લાખ નુ વગર વ્યાજે ધિરાણ આપી હવે ૨ લાખ રૂપીયા ખેડુતોને પરત ભરવાનો આદેશ કરતા ખેડુતોમાં રોષ ભભુકી ઉઠયો છે. ખેડુતોને દર વરસે પાક ધિરાણ માટે ૩ લાખ સુધીનુ ધિરાણ વગર વ્યાજે આપવામાં આવે છે. તેનુ વ્યાજ કેન્દ્ર અને રાજય સરકાર ભોગવે છે.



આ વખતે કેન્દ્રના બજેટમાં ૩ માં થી ૫ લાખ વગર વ્યાજે આપવાની જાહેરાત થઈ હતી. પરંતુ તે અંગેનો કોઈ સત્તાવાર પરીપત્ર ન થયો જેથી એક પણ રાષ્ટ્રીય કૃત બેંક દ્વારા ૫ લાખનુ વગર વ્યાજે ધિરાણ આપવામાં આવ્યુ નથી. પરંતુ વિસાવદરની પેટા ચુંટણી લડતા સમયે ભાજપના ઉમેદવાર કિરીટ પટેલ કે જેઓ જુનાગઢ જિલ્લા સહકારી બેંકના ચેરમેન છે.

તેમણે માત્ર કેન્દ્ર સરકારની જાહેરાતના આધારે ખેડુતોને ૫ લાખ વગર વ્યાજે પાક ધિરાણ આપવાનો નિર્ણય કરી, ૫૦ હજાર જેટલા ખેડુતોને ૫ લાખ રૂપીયા પાક ધિરાણના આપી દીધા હતા. જેથી ૫ લાખ રૂપીયા જે ખેડુતોને વગર વ્યાજે આપ્યા હતા તેની પાસેથી ૨ લાખ ની રકમ પરત ભરવા ખેડુતોને બેંકે આદેશ કર્યો છે.

જો ખેડુત ૨ લાખ પરત ન ભરે તો તેને ૧૨ ટકા લેખે વ્યાજ ચુકવવાનો વારો આવશે. જુનાગઢ જિલ્લા સહકારી બેંકનુ કાર્યક્ષેત્ર જુનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં છે. તેમાં કુલ ૧ લાખ થી વધુ બેંકના સભાસદ ખેડુતો છે. તેમાંથી ૫૦ હજાર જેટલા ખેડુતોએ ૩ ને બદલે ૫ લાખ રૂપીયાનુ ધિરાણ લઈ લીધુ હતું. હવે ખેડુતો પાસે ૨ લાખ પરત માંગતા મોટો વિવાદ ઉભો થયો છે.

ખેડુતો કહે છે કે અમે ૫ લાખ રૂપીયાનુ પાક ધિરાણ લીધુ હતુ, તે રકમ ખેતીના કામમાં વાપરી નાખી છે, હવે અમારી પાસે હાલ તે રકમ છે જ નહી અમે કેવી રીતે ભરીએ ? આ સમગ્ર મામલે વિવાદ છેડાયો છે. આ મુદ્દે વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ પણ આક્ષેપ કર્યો છે કે એકવાર જે પધ્ધતિથી રકમ આપી દેવામાં આવી છે. હવે તેમાં અધવચ્ચે કોઈ ફેરફાર થઈ શકે નહી, આ અંગે મુખ્યમંત્રી, કૃષિમંત્રી સહિતનાઓને રજુઆત કરી જવાબદારો પર કાર્યવાહી થાય તેવી માંગ કરીશ,